શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૪૪ |
| અમદાવાદ | ૧૫૨ |
| ગાંધીનગર | ૫૦ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૧ | ૩૦ જુલાઈ, ૨૦૨૦, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ૧લી ઓગસ્ટથી અનલોક-૩


# રાત્રી કરફ્યુ હટશે : જિમ ખુલશે, શાળા-કોલેજ-થિયેટર પર હજુ પ્રતિબંધ યથાવત

### અનલોક-૩ની ગાઈડલાઈન્સ જાહેર : રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા, સ્થાનિક સ્તરે સ્વતંત્રતા દિવસ સમારોહને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે મંજૂરી : શાળા-કોલેજો-થિયેટર્સ પર ૩૧ ઓગસ્ટ સુધી પ્રતિબંધ

નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે અનલોક -૩ માટેની માર્ગદર્શિકા બહાર પાડી છે. પહેલી ઓગસ્ટથી દેશભરમાં રાત્રિ કરફ્યુ દૂર થશે. બહુ મોટી રાહત આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે તમામ રીતે રાહતો આપતાં હવે આર્થિક ગતિવિધિ શરૂ થઈ શકે છે. ગૃહમંત્રાલયે બુધવારે એક નવી કામગીરીઓને પુનઃશરૂ કરવા માટે લીલીઝંડી આપવામાં આવી છે. રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશો તેમ જ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો સાથે વ્યાપક ચર્ચા ઓગસ્ટ ૨૦૨૦ સુધી હળવા કરવામાં આવશે નહીં. ભીડ એકઠી થતી હોય એવા સામાજિક, ધાર્મિક, રાજકીય, સાંસ્કૃતિક અથવા મનોરંજન સંબંધિત ઝોનમાં ફક્ત જરૂરી પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે. ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકા અનુસાર, જિલ્લા અધિકારીઓ કન્ટેન્ટમેન્ટ ઝોન નક્કી કરશે. ૬૫ વર્ષથી વધુ



૫ ઓગસ્ટથી જીમ પણ ખોલવામાં આવશે. જો કે, ૩૧ ઓગસ્ટ સુધી શાળાઓ અને કોલેજો બંધ રહેશે. મેટ્રો, સિનેમા, સ્વિમિંગ પૂલ પણ હાલ ખુલશે નહીં. કોરોનાને કારણે છેલ્લા ચાર મહિનાથી દેસભરમાં ચાલી રહેલા લોકડાઉનમાં હવે ગાઈડલાઈન જારી કરી હતી જે અન્વયે કન્ટેઈનમેન્ટ ઝોનની બહારના વિસ્તારોમાં વધુ કામકાજો માટે મંજૂરી આપવામાં આવી છે. અનલોક-૩ કે જે ૧લી ઓગસ્ટથી અમલી બનશે તેને તબક્કાવાર પ્રક્રિયામાં વિચારણા કર્યા બાદ તેમની પાસેથી જે અભિપ્રાયો કે મંતવ્યો મળ્યા છે તેને આધારે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ગૃહમંત્રાલયના અધિકારીઓએ કહ્યું હતું. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લોકડાઉનમાં પ્રતિબંધો ચાલુ રહેશે જે ૩૧ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ કાર્યક્રમો પર પ્રતિબંધ રહેશે. સ્વતંત્રતા દિવસની ઉજવણીને સામાજિક અંતર અને અન્ય આરોગ્ય પ્રોટોકોલ્સ (જેમ કે માસ્ક પહેરવા) સાથે મંજૂરી છે. કન્ટેનમેન્ટ ઝોન્સમાં લોકડાઉન ૩૧ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ ઉંમરના વૃદ્ધો, જેઓ પહેલાથી જ ગંભીર બીમારીથી પીડાય છે, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી નીચેના બાળકોને પહેલાની જેમ ઘરે જ રહેવાની સલાહ આપવામાં આવી છે. આ કેટેગરીના લોકોને

● અનુસંધાન પાન-૭ પર

# શાળાકીય-ઉચ્ચ શિક્ષણમાં ૩૪ વર્ષ બાદ મોટા ફેરફાર

### કેન્દ્ર સરકાર દ્વારા નવીન શિક્ષણ નીતિની જાહેરાત : એમએના છાત્રોને પીએચડી માટે હવે એમ.ફિલ નહીં કરવું પડે, વિદ્યાર્થીઓના હિતમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા

નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્રના માહિતી અને પ્રસારણ વિભાગના મંત્રી પ્રકાશ જાવડેકરએ બુધવારે નમતી બપોરે કેબિનેટમાં નવી શિક્ષણ નીતિને મંજૂરી આપ્યાની વિગતો જણાવી હતી. તેમણે જણાવ્યુ કે ૩૪ વર્ષથી શિક્ષણ નીતિમાં કોઈ પરિવર્તન કરાયુ ન હતું, એથી જ આ વાત ખુબ જ મહત્વની છે. તેઓએ પ્રેઝેન્ટેશન આપીને નવી શિક્ષણ નીતિની બાબતે વિસ્તારથી જાણકારી આપી હતી. આ સમયે તેમની સાથે માનવ સંશાધન વિકાસ મંત્રી રમેશ પોખરિયાલ પણ હાજર રહ્યા હતા. નવીન શિક્ષણ નીતિમાં શાળાકીય અભ્યાસથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી અનેક મોટા ફેરફાર કરાયા છે. હાયર એજ્યુકેશન(લો અને મેડિકલ એજ્યુકેશન સિવાયના)ના માટે સિંગલ રેગ્યુલેટર રહેશે. ઉચ્ચ શિક્ષણમાં વર્ષ ૨૦૩૫ સુધીમાં ૫૦ ટકા ય્ઈઇ પહોંચવાનું લક્ષ્ય છે. મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝીટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

### HRDનું નામ હવે શિક્ષણ મંત્રાલય

કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયનું નવુ નામકરણ કરાયું છે. તેનું નામ બદલીને હવે શિક્ષણ મંત્રાલય કરાયું છે. મોદી મંત્રી મંડળની બુધવારે સવારે મળેલી બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં સરકારે નવી શિક્ષણ નીતિને પણ મંજૂરી આપી દીધી છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલયે પ્રસ્તાવ મૂક્યો હતો કે મંત્રાલયનું હાલનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવામાં આવે. કેબિનેટ બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપી દેવાઈ છે. આ સાથે નવી શિક્ષણ નીતિને પણ મંજૂરી આપવામાં આવી હતી.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૭૦૦૧૭૮૫ | ૬૬૫૬૫૭ | ૧૨૨૭૩૬૨૬ |
| ભારત | ૧૫૮૨૫૭૯ | ૩૪૯૯૫ | ૧૦૨૦૨૩૫ |
| ગુજરાત | ૫૮૦૭૪ | ૨૩૯૬ | ૪૩૧૯૫ |
| ગાંધીનગર | ૧૫૨૨ | ૮૮ | ૧૦૨૪ |

# દેશમાં એક્ટિવ કેસની સંખ્યા પાંચ લાખને પાર

### કોરોના મહાસંક્ટ : ૨૪ કલાકમાં ફરી ૫૦ હજારની નજીક નવા કેસો, ૭૭૦ના મોત : દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫,૩૧,૬૬૯ પર પહોંચી, ૩૪,૧૯૩ લોકોના મોત : ૧૦ લાખ લોકોએ કોરોનાને હરાવ્યો, એટલે કે ૬૪% દર્દીઓ સાજા થયા

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશમાં અનલોક-૨ પુરૂ થવામાં છે અને ૧ ઓગસ્ટથી અનલોક-૩માં વધુ છૂટછાટ આપવામાં આવેતેવી ગણતરીઓ વચ્ચે અનલોક-૨ના ૨૮મા દિવસે ફરીથી ૫૦ હજારની નજીક કોરોના કેસો નોંધાયા હતા.તે સાથે કોરોનાના કેસો ઝડપભેર ૧૫ લાખને પાર થઈ ગયા હતા.

સતત ત્રીજી વખત માત્ર ૨ દિવસમાં સંક્રમણના એક લાખ નવા કેસ સામે આવ્યા છે. આજે બુધવારે સવારે છેલ્લાં ૨૪ કલાકમાં વિવિધ રાજ્યોમાં નોંધાયેલા કેસોની આંકડાકિય માહિતી જાહેર કરવામાં આવ્યાં ત્યારે નવા ૪૯,૬૩૨ દર્દી વધ્યા હતા. તે સાથે જ આ જ સમયગાળામાં ૩૪ હજાર ૨૦૦થી વધુ દર્દી સાજા થયા હતા. . અત્યારસુધીમાં ૧૫ લાખમાંથી ૯ લાખ ૮૮ હજારથી વધુ દર્દી સાજા પણ થઈ ચુક્યા છે. જે એક રાહત સમાન કહી શકાય. સૌથી વધુ કેસો હવે મહારાષ્ટ્રને બદલે આંધ્રમાં ૭,૯૪૮ નોંધાયા તો બીજા નંબરે મહારાષ્ટ્રમાંમાં ૭,૭૧૯ કેસો નોંધાયા હતા. ત્રીજા નંબરે તામિલનાડુમાં ૨૪ કલાકમાં ૬,૯૭૨ કેસો નોંધાયા હતા. સારવાર હેઠળના કેસના મામલામાં દિલ્હી હવે ટોપ-૧૦ની બહાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# વોટર સેલ્યુટ સાથે પાંચ 'રાફેલ'નું સ્વાગત

### અંબાલા એરબેઝ ખાતે પાંચ રફાલ લેન્ડ થતાં વોટર સેલ્યુટથી સ્વાગત : અંબાલામાં ૧૭મી ગોલ્ડન એરો સ્કવોડ્રન રફાલની પહેલી સ્કવોડ્રન : ફ્રાન્સથી ૭,૦૦૦ કિમીનું અંતર કાપની અંતિમ પડાવ પર હેમખેમ પહોંચતાં જોરદાર સ્વાગતઃ ૨૨ વર્ષ પછી ભારતને પાંચ નવા ફાઈટર જેટ મળ્યાં

#### રાફેલ ફાઈટર જેટની ખાસિયતો

- ફ્રાન્સની દસૉલ્ટ એવિએશન કંપનીએ બનાવ્યું છે
- ૩૫.૪ ફૂટની પહોળાઈ
- ફેન સહિત ૪૯૨ સ્ક્વેર ફૂટની કુલ પહોંળાઈ
- ૩૩.૮ ફૂટ લંબાઈ
- ૧૭.૪ ફૂટની ઊંચાઈ
- ૪૫૦ મીટરના એરિયામાં લેન્ડિંગ કરવામાં સક્ષમ
- ૧૦૦૦ ફૂટ પ્રતિ સેકન્ડની સ્પીડે સીધુ ઉડી શકે છે
- ૫૫ હજાર ફૂટની ઊંચાઈથી બૉમ્બવર્ષા કરવામાં સક્ષમ
- રાફેલનું વજન ૧૦.૩ ટન છે
- હથિયારો સાથે રાફેલનું વજન ૨૪.૫ ટન થવા જાય છે

#### રફાલનો ઇતિહાસ

- રફાલ બનાવતી કંપની દાસૉ અનુસાર આ વિમાન ફોર્થ પ્લસ જનરેશન ટેકનૉલૉજીના છે અને સૌપ્રથમ ૧૯૮૬માં તેનું પ્રારંભિક ઉત્પાદન શરૂ થયું હતું.
- ફ્રાન્સની વાયુસેના પાસે ૯૧ રફાલ છે. અફઘાનિસ્તાનની લડાઈમાં અમેરિકાના નેતૃત્વવાળા નાટો દળે તેનો ઉપયોગ કર્યો હતો.
- ઈરાકના શાસક સદ્દામ હુસૈન સામેની લડાઈમાં પણ અમેરિકાનાં દળોએ રફાલ ઉપયોગમાં લીધાં હતાં.
- વર્ષ ૨૦૧૧માં લિબિયાના ગૃહયુદ્ધમાં પણ રફાલ સામેલ કરાયાં હતાં. ઈરાકના યુદ્ધમાં આઈ.એસ. (ઈસ્લામિક સ્ટેટ્સ)ના લડાકુઓ પર કરવામાં આવેલા હવાઈ હુમલા દરમિયાન રફાલનો ઉપયોગ થયો હતો.
- ફ્રાન્સ સિવાય ઈજિપ્ત, કતારનાં વાયુદળ પણ રફાલ વિમાન ધરાવે છે, જ્યારે બ્રાઝિલ, દક્ષિણ કોરિયા અને યુ.એ.ઈ. તેમની વાયુસેના માટે આ વિમાન ખરીદવા વિચારી રહ્યા છે.

અંબાલા, તા. ૨૯

ફ્રાન્સથી સાત હજાર કિલોમીટરનું અંતર કાપીને પાંચ રફાલ ફાઈટર વિમાન બુધવારે બપોરે લગભગ ૩.૧૫ કલાકે અંબાલા એરબેઝ પર આવી ગયાં છે. રાફેલે થોડી વાર સુધી અંબાલાના આકાશમાં ગર્જના કરતા ઉડાન ભરી હતી અને પછી એરબેઝ પર સ્મૂધ લેન્ડિંગ કર્યું હતું. વિમાનો લેન્ડ થયાં તેની સાથે તેનું વોટર સેલ્યુટથી અદભુત સ્વાગત કરાયું હતું. પાંચેય રફાલ એક જ એરસ્ટ્રિપ પર એક પછી એક કરીને લેન્ડ થયાં હતાં. રફાલનું નેતૃત્વ વાયુસેના એરચીફ માર્શલ આરકેએસ ભદૌરિયા સહિત વેસ્ટર્ન એર કમાન્ડના અધિકારીઓએ કર્યું હતું.



ફાઈટર જેટ મળ્યાં છે. આ પહેલાં ૧૯૯૭માં ભારતને રશિયા પાસેથી સુખોઈ મળ્યા હતાં. રક્ષામંત્રી રાજનાથ સિંહે રાફેલના વિમાનો ફ્રાન્સથી ૨૭ જુલાઈએ ઊડ્યાં હતાં.

રાજનાથે ટ્વીટ કરીને જણાવ્યું કે, "રફાલની ખરીદી પહોંચી વળવા તૈયાર રહેશે. જે આપણી ક્ષેત્રીય અખંડતાને પડકારવાની ઈચ્છા રાખે છે તેમણે ભારતીય વાયુસેનાની આ નવી (પશ્ચિમ બંગાળ) ખાતે હશે, જે ચીન તરફથી ઊભા થતા કોઈ પણ ખતરાને પહોંચવાનો પ્રયાસ કરશે. હાલમાં ત્યાં સુખોઈ વિમાનો તહેનાત છે. આમ, ૨૦૨૨ના મધ્યભાગ સુધીમાં મળનારી ૩૬ વિમાનની આખી ખેપ મળશે જે આ બંને ઍરબૅઝની વચ્ચે જ વપરાય જશે.

● અનુસંધાન પાન-૭ પર

### ભારતીય આર્મીમાં નવા યુગની શરૂઆત : રાજનાથ સિંહ : આઇએનએસ કોલકાત્તા કંન્ટ્રોલ રૂમથી સ્વાગત કરતાં કહ્યું, મે યૂ ટચ ધ સ્કાય વિથ ગ્લોરી, હેપ્પી હન્ટિંગ, હેપ્પી લેન્ડિંગ : ભારતીય સરહદમાં ઘૂસતાં જ સુખોઇ ૩૦ એમકેઆઇએ રાફેલને એસ્કોટ કર્યું હતુ

અંબાલા એરબેઝ પર ૧૭મી ગોલ્ડન એરો સ્ક્વોડ્રન રફાલની પહેલી સ્ક્વોડ્રન હશે. ૨૨ વર્ષ પછી ભારતને પાંચ નવા લેન્ડિગના તરત પછી ટ્વિટ કરી લખ્યું કે, ભારતની જમીન પર રાફેલનું ઉતરવું સૈન્ય ઈતિહાસમાં એક નવા યુગની શરૂઆત છે. આ એટલે થઈ શકી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાચો નિર્ણય લીધો. રફાલના આવતાં ભારતીય વાયુસેના કોઈ પણ પડકારને ક્ષમતાને લઈને ચિંતિત થવું જોઈએ. સંરક્ષણ મંત્રાલય દ્વારા અંગેનો વીડિયો જાહેર કરાયો છે. રફાલનું બીજું બૅઝ હાસીમારા

